**માન.ધારાસભ્યશ્રી કમલેશભાઇ પટેલ (પેટલાદ)**

**અગ્રતા–૧૩**

**પ્રશ્ન–૧:** છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું?

**અને મારો બીજો પ્રશ્ન છે, કે**

તાલુકાવાર કેટલા પશુપાલકોએ આ શિબિરોનું લાભ લીધો ?

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી** માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો..

રાજ્યમાં પશુપાલકો સ્વતંત્ર રીતે પશુપાલનનો વ્યવસાય કરતા થયા છે ત્યારેપશુપાલકોને તે અંગેની અદ્યતન વૈજ્ઞાનિક માહિતી મળી રહે તે માટે તાલુકા અને જિલ્લા કક્ષાની શિબીરોનુ આયોજન કરવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

આ શિબીરમાં પશુપાલકોને પશુઓના વિવિધ રોગોથી રક્ષણ માટે રસીકરણ ક્યારે કરાવવુ તેના વિષે જ્ઞાન મળે છે. જેના કારણે યોગ્ય ઋતુમાં અગમચેતીના ભાગ રૂપે પશુઓમાં  રસીકરણ

કરાવી ખરવા –મોવાસા, ગળસુંઢો જેવા રોગોને ફેલાતા અટકાવી શકે છે.

**માન. અધ્યક્ષશ્રી**

છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર યોજેલ પશુપાલન શિબિરોની વિગતો આપુ તો....

- **આણંદ** તાલુકામાં **બે તાલુકા શિબિર અને એક જિલ્લા શિબિર**
- **ઉમરેઠ** તાલુકામાં **બે તાલુકા શિબિર**
- **આંકલાવ** તાલુકામાં **બે તાલુકા શિબિર**
- **બોરસદ** તાલુકામાં **બે તાલુકા શિબિર અને એક જિલ્લા શિબિર**
- **પેટલાદ** તાલુકામાં **બે તાલુકા શિબિર અને એક જિલ્લા શિબિર**
- **ખંભાત** તાલુકામાં **બે તાલુકા શિબિર**
- **તારાપુર** તાલુકામાં **બે તાલુકા શિબિર**
- **સોજીત્રા** તાલુકામાં **બે તાલુકા શિબિર અને એક જિલ્લા શિબિર**

આમ કુલ મળીને **૧૬ તાલુકા શિબિર** તથા **૪ જિલ્લા શિબિર** યોજવામાં આવી

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં તાલુકાવાર કેટલા પશુપાલકોએ આ શિબિરોનું લાભ લીધો અંગે જણાવુ તો...**

| **તાલુકાનું નામ** | **ભાગ લીધેલ પશુપાલકોની સંખ્યા** |
|---|---|
| આણંદ | ૬૪૦ |
| ઉમરેઠ | ૪૫૦ |
| આંકલાવ | ૪૫૦ |
| બોરસદ | ૮૫૧ |
| પેટલાદ | ૬૧૦ |
| ખંભાત | ૪૫૦ |
| તારાપુર | ૪૫૦ |
| સોજીત્રા | ૮૫૦ |
| **કુલ** | **૪૭૫૧** |

**માન.ધારાસભ્યશ્રી વિપુલભાઇ પટેલ (સોજીત્રા)**

**અગ્રતા–૧૩**

**પ્રશ્ન-૨ : છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં યોજવામાં આવેલ પશુપાલન શિબિરમાં તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે**

**જવાબ:**

**માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો જણાવુ તો...**

| અ.નં. | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | આણંદ | ૨.૪૩ |
| ૨ | ઉમરેઠ | ૧.૬૦ |
| ૩ | આંકલાવ | ૧.૫૨ |
| ૪ | બોરસદ | ૩.૦૫ |
| ૫ | પેટલાદ | ૨.૧૧ |
| ૬ | ખંભાત | ૧.૬૮ |
| ૭ | તારાપુર | ૧.૬૩ |
| ૮ | સોજીત્રા | ૨.૯૫ |
| **કુલ** | | **૧૬.૯૭** |